# મૂલ્ય શિક્ષણને પ્રોત્સાહન આપવામાં ઉચ્ચશિક્ષણ સંસ્થાઓમાં NEP-2020નું યોગદાન અને મહત્ત્વ

ડૉ. કમલેશકુમાર એસ. તરાલ
આસિસ્ટંટ પ્રોફેસર,
શેઠ સી.એન. કૉલેજ ઓફ એજ્યુકેશન, અમદાવાદ.

## ૧. પ્રસ્તાવના

પ્રવર્તમાન સમયમાં માનવીએ વિજ્ઞાનના ક્ષેત્રમાં અને ભૌતિક સુવિધાઓમાં ખૂબ પ્રગતિ કરી છે. બીજી બાજુ માનવ સમાજમાં ભાષાવાદ, પ્રાંતવાદ, સાંપ્રદાયિકતા, સામાજિક કુરિવજો વગેરે જેવી અનેક સમસ્યાઓમાં જકડાઈ ગયો છે. આજનો માનવ સમાજ નવી પેઢીમાં થઈ રહેલા મૂલ્યોના હાસ્ બાબતે ખૂબ જ ચિંતિત થઈ રહ્યો છે. જીવનના મૂળભૂત મૂલ્યોથી આજની નવી પેઢીનો માનવ વિમુખ થઈ રહ્યો છે. વર્તમાન સમાજમાં અન્યાય, ભ્રષ્ટાચાર, અનૈતિકતા, અસત્ય બોલવું હિંસા, વગેરે જેવા અનિષ્ટોએ પગપેસારો કર્યો છે. લોકોમાં પરસ્પર પ્રેમ, સહાનુભૂતિ, સહયોગ, ઈમાનદારી, સહિષ્ણુતા, વિનમ્રતા, કર્તવ્ય નિષ્ઠા, તેમજ આત્માનું શાસનની કમી જોવા મળે છે.

વર્તમાન સમયમાં માનવમાં મૂળભૂત મૂલ્યોનું સંવર્ધન કરવું ખૂબ જ જરૂરી બન્યું છે. અને આવા મૂલ્યોનું સંવર્ધન એ શિક્ષણ સિવાય શક્ય નથી. યોગ્ય શિક્ષણ દ્વારા માનવમાં મૂલ્યનો વિકાસ કરી શકાય છે. આઝાદી બાદ નિમાયેલા વિવિધ શિક્ષણ પંચો દ્વારા વખતો વખત સમાજના વિવિધ મૂલ્યોનો વિકાસ કરવા માટેની વિવિધ જોગવાઈઓ કરવામાં આવી હતી. હાલના સમયમાં જ્યારે નવી શિક્ષણનીતિ લાગુ થવા જઈ રહી છે ત્યારે આ નવી શિક્ષણનીતિ દ્વારા પણ સમાજમાં મૂલ્યનું સંવર્ધન થાય તે જોવું ખૂબ જ જરૂરી છે. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 20-20 માં પણ વિવિધ મૂલ્યોના સંવર્ધન માટેની જોગવાઈઓ કરવામાં આવી છે. આવા મૂલ્યો વિવિધ શિક્ષણની સંસ્થાઓ દ્વારા વિકાસ થાય તે જરૂરી છે. વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આવા મૂલ્યોના વિકાસ માટે વિવિધ પગલાની જોગવાઈઓ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં કરવામાં આવી છે. સંસ્થાના વિકાસ દ્વારા મૂલ્યોનો વિકાસ પણ કરવામાં આવશે.

## ૨. મૂલ્યનો અર્થ

મૂલ્ય એક વિચાર છે. માનવ મનની એક સંકલ્પના છે. આથી માનવ જીવનના સુસંવાદિત વિકાસ માટે ઉપયોગી અને મહત્વપૂર્ણ વિચાર કે સંકલ્પના જ મૂલ્ય છે. શબ્દકોશમાં મૂલ્ય એટલે કંઈક 'ઉપયોગી', 'ગુણવત્તાવાળું', 'શ્રેષ્ઠ', 'મહત્વનું', 'મેળવવા યોગ્ય', કે મૌલવી શકાય એવું તેવું, એવો અર્થ કરવામાં આવ્યો છે. અહીં મૂલ્ય માટે જે તે વસ્તુની ઉપયોગીતા, ગુણવત્તા, શ્રેષ્ઠતા અને મેળવવા માટેની યોગ્યતાનો સ્વીકાર કરવામાં આવેલો છે.

મૂલ્યનો કોઈ વસ્તુની દ્રષ્ટિએ વિચાર કરીએ તો વસ્તુની વ્યક્તિલક્ષી આંતરિક ગુણવત્તા એ જ મૂલ્ય છે. અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ મૂલ્યનો વિચાર કરીએ તો વસ્તુની વસ્તુ લક્ષી બાહ્ય વ્યવહારાધીન ગુણવત્તા ધ્યાનમાં લેવાય છે. આ દ્રષ્ટિએ વસ્તુને બદલે કોઈ ઘટના, પરિસ્થિતિ કે સ્થળ વગેરેની વ્યક્તિલક્ષી આંતરિક ગુણવત્તા એ મૂલ્ય છે એવો અર્થ કરી શકાય. મૂલ્યના લક્ષણોના સંદર્ભમાં મૂલ્યની વિભાવનાનું વિશ્લેષણ આ મુજબ છે.

- મૂલ્ય દ્વારા જીવનમાં કંઈક મહત્વનું હોવાના વિશેનો વિચાર વ્યક્ત થાય છે.
- મૂલ્ય વ્યક્તિને આત્મા સાક્ષાતકાર વિકાસ તરફ દોરે છે.
- મૂલ્ય મનોવૈજ્ઞાનિક સ્વરૂપે પ્રગટ થતું એક જૈવિક પરિબળ છે.
- વસ્તુની વ્યક્તિલક્ષી આંતરિક ગુણવત્તા જ મૂલ્ય છે.
- લોકો પોતાનામાં મનથી જ એવા સત્કાર્યો કરે છે કે જેમાં એમને સાચો સંતોષ મળે એ જ સાચું જીવન-મૂલ્ય છે. - રવિશંકર મહારાજ
- મૂલ્યોના સમૂહ સાથે કોઈ જન્મતા નથી. મૂલ્યો અર્જિત થાય છે. મૂલ્ય વારસામાં પ્રાપ્ત થતા નથી પરંતુ તે જન્મ બાદ પ્રાપ્ત થાય છે. - રાલ્ફ બોરસાદી

### ૩.મૂલ્ય શિક્ષણનો અર્થ

મૂલ્ય શિક્ષણનો સર્વ સામાન્ય અર્થ થાય છે શિક્ષણની પ્રક્રિયા દ્વારા બાળકમાં સદવૃતિ સુટેવો સિંચન કરીને માનવીય ચારિત્રનું નિર્માણ કરવું. શિક્ષણ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા બાળકના વ્યક્તિત્વના બધા જ ભાષાઓનો વિકાસ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. એટલે કે બાળકનું સર્વાંગી વિકાસ સાધનારૂ શિક્ષણ જ મૂલ્ય શિક્ષણ છે. જે શિક્ષણ દ્વારા બાળકોનો સુયોગ્ય, સ્વસ્થ વિકાસ થાય અને જેમાંથી સદાચારિ નાગરિકનું નિર્માણ થાય સાચાઅર્થમાં તે જ મૂલ્ય શિક્ષણ છે. મૂલ્ય શિક્ષણ દ્વારા બાળકોનું વાછિત દિશામાં વર્તન પરિવર્તન થાય છે. મૂલ્ય શિક્ષણનો વ્યાપક અર્થ સમજવા માટે કેટલાક શિક્ષણ ચિંતકોની સંકલ્પનાઓ સમજવી જરૂરી છે.

- ખરી કેળવણી એ હૃદયની કેળવણી છે. માનવતા, માનસિક વિશાળતા, સેવા ભાવના, સ્વીકૃતિ, નિર્ભયતા વગેરે નૈતિક ગુણોની ખેલવણી જ સાચી કેળવણી છે. - સ્વામી વિવેકાનંદ
- મૂલ્ય શિક્ષણ એટલે સભ્યતા અને સંસ્કારનો શિક્ષણ સંમય, સાદાઈ, સંભાવ, સંભાવ અને સેવાનું શિક્ષણ. સ્વાશ્રય, શ્રમ અને સ્વાયતતાનું શિક્ષણ. નમ્રતા નિખાલસ અને નિર્ભયતાનું શિક્ષણ. પ્રેમ, અહિંસા, ન્યાય અને શાંતિનું શિક્ષણ. એક જ શબ્દમાં કહીએ તો ચારિત્ર શિક્ષણ દ્વારા જીવનને બહેતર બનાવવાની સાથે સાથે ઉત્તરોતર ઉન્નત બનાવતા રહેવાનું શિક્ષણ એટલે મૂલ્ય શિક્ષણ. -રવીન્દ્રભાઈ દવે
- મૂલ્ય શિક્ષણ એટલે નૈતિકતા, સંભાવ, અને આધ્યાત્મિક વિકાસ માટેનું શિક્ષણ. સાદાઈ, સ્વતંત્રતા, શ્રમ ભાવના, સૌંદર્ય દ્રષ્ટિ જેવા ગુણોના વિકાસનું શિક્ષણ, સત્ય અને અહિંસા જેવા શાશ્વત મૂલ્યોના વિકાસ માટેનું શિક્ષણ, વફાદારી, હિંમત, શિસ્ત, ભોગ, સત્યપાલન જેવા ગુણોની કેળવણી માટેનું શિક્ષણ, ઉમદા સંસ્કારોનું સિંચન, મૂળભૂત વૃત્તિઓનો સદાચાર દ્વારા અભિવ્યક્ત કરવી, માનવતા, માનસિક વિશાળતા સેવા ભાવના, નિર્ભયતા, પ્રમાણિકતા, નિષ્ઠા, સન્માન, સહકાર અને જવાબદારીની ભાવનાના વિકાસ માટેનું શિક્ષણ, બિનસાંપ્રદાયિકતા, આંતરરાષ્ટ્રીય સહકાર, શાંતિમય સહ અસ્તિત્વ ,સમાનતા, અખંડિતતા અને જવાબદારીની ભાવનાનો વિકાસ માટેનું શિક્ષણ, આમ

જોઈએ તો વ્યક્તિમાં સામાજિક, આધ્યાત્મિક, વ્યક્તિગત, બૌદ્ધિક અને આરોગ્યવિષયક અનેક મૂલ્યનું સિંચન કરવાના હેતુથી આપવામાં આવતું શિક્ષણ એટલે મૂલ્ય શિક્ષણ.

## ૪. વિવિધ મૂલ્યો

વિવિધ મૂલ્યો નીચે પ્રમાણે છે.

- વ્યક્તિગત મૂલ્યો, સામાજિક મૂલ્યો, વૈશ્વિક મૂલ્યો.
- માનવીય મૂલ્યો: સામાજિક મૂલ્યો, સૌંદર્યબોધક મૂલ્યો, બૌદ્ધિક મૂલ્યો, નૈતિક મૂલ્યો, ધાર્મિક મૂલ્યો, આરોગ્યવિષયક મૂલ્યો, મનોરંજક મૂલ્યો, આર્થિક મૂલ્યો,
- NCERT દ્વારા નક્કી કરેલ મુલ્યો: શ્રમનું ગૌરવ, રાષ્ટ્રપ્રેમ, લૈંગિક સમાનતા, બિનસાંપ્રદાયિકતા, રાષ્ટ્રીય એકતા, વિનમ્રતા, સામે પાલન, સુઘાડતા, સંવેદનશીલતા, વૈજ્ઞાનિક મિજાજ.
- NEP 2020 માં દ્રશ્યમાન થતાં મૂલ્યો: સારી રીતે બધાની સાથે જીવન જીવતા શીખવું એ આત્મસાત કરેલા મૂલ્યો બતાવે છે. તેમાંના કેટલાક મૂલ્યો આ પ્રમાણે છે.

૧. કૌટુંબિક મૂલ્ય: બંધારણમાં સ્ત્રી અને પુરુષને સમાન દરજ્જો આપવામાં આવ્યો છે. માટે કુટુંબમાં બન્ને નું વચસ્વ એકસરખું હોય તે કુટુંબ માટે સારી બાબત કહી શકાય. જો બંને બન્ને માંથી કોઈ એકનું વર્ચસ્વ વધે તો કુટુંબમાં અસમતોલન થાય છે. જેનાથી કુટુંબમાં બાળકોને પ્રેમ, હુંફ, સંભાળ રાખવી, સારી રીતે ઉછેર કરવો વગેરે યોગ્ય રીતે થઈ શકતો નથી. અને બંને વચ્ચેનો સંઘર્ષ એ કૌટુંબિક મૂલ્યોનો હાશ કરે છે. બન્ને સાથે મળીને પોઝિટિવ રહીને પોતાના બાળકોનો ઉછેર કરે તે જરૂરી છે. કુટુંબમાં વસતા તમામ સભ્યો પ્રત્યે પ્રેમ, આદર, માન-સન્માન જરૂરી છે. દાદા-દાદી, માતા-પિતા કાકા-કાકી વચ્ચે પ્રેમ સુમેળ ભર્યો હશે તો ત્યાં કૌટુંબિક મૂલ્યો જળવાશે અને આવા કુટુંબમાં બાળકોનો યોગ્ય વિકાસ થઈ શકશે.

૨. સામાજિક મૂલ્ય: વ્યક્તિ સમાજમાં જન્મે છે અને સમાજમાં પોતાનો વિકાસ સાધે છે. વ્યક્તિમાં પોતાનો વિકાસ સાધવા માટે સામાજિક મૂલ્યોની ઓળખ હોવી જરૂરી છે. તથા તેમાં આવેલી હકની બાબતો તથા ફરજો ને સ્વીકારીને સામાજિક મૂલ્યો જાળવવા જોઈએ. સમાજમાં વ્યક્તિ પોતાના હકો મેળવે છે તો ત્યારે તે પોતાના હકોની સાથે પોતાની ફરજો પણ ઓળખવી જોઈએ અને નિભાવવી જોઈએ. સામાજિક રીતિ- રિવાજો, આચાર-વિચાર, રહેણી-કરણી નેધ્યાનમાં રાખીને આવા મૂલ્યો જાળવવા જોઈએ. આ ઉપરાંત પોતાના સમાજ તથા અન્ય સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજો પણ ઓળખીને તેને તેના મૂલ્યોનું આચરણ કરવું જરૂરી છે. ભારતીય બંધારણમાં આપવામાં આવેલી ફરજોનું પાલન કરવામાં આવે તો તે તમામ સમાજ માટે સામાજિક મૂલ્યો જાળવી શકાય છે.

૩. ધાર્મિક મૂલ્ય: દરેક વ્યક્તિ કોઈ ચોક્કસ ધર્મને માનતો હોય છે તથા પોતાના ધર્મના ધાર્મિક મૂલ્યોને ઓળખીને તે પ્રમાણે આચરણ કરતો હોય છે. વ્યક્તિ પોતાના ધર્મના મૂલ્યની તો જાળવણી કરે પણ સાથે સાથે અન્ય ધર્મ પ્રત્યે સદભાવ રાખીને તમામ ધર્મના ધાર્મિક મૂલ્યો જાળવે. વિવિધ ધર્મ પાળતો વ્યક્તિએ એકબીજાને ધાર્મિક લાવવાની દુભાવી નહીં. ધાર્મિક મૂલ્યોના આચરણમાં ઘણીવાર કટ્ટરવાદનો પણ સામનો કરવો પડતો હોય છે. પરંતુ બાળકોને કુટુંબમાં જ યોગ્ય ધાર્મિક શિક્ષણ આપી તથા પોતાના તથા અન્ય ધર્મના મૂલ્યો જો શીખવવામાં આવે તો વિવિધ ધર્મ વચ્ચેનો ભેદભાવ દૂર

કરી સદભાવના વિકસાવી શકાય છે. સદભાવના તથા પોઝિટિવ આચરણ ધાર્મિક મૂલ્યોને વેગવંતુ બનાવે છે તથા બધા ધર્મ પ્રત્યે સદભાવના વિકસાવે છે.

૪. પર્યાવરણીય મૂલ્યો: આપણી આસપાસના પર્યાવરણમાં આપણી સાથે બીજા ઘણા બધા જીવજંતુઓ, છોડ, પશુ-પક્ષી, કીટકો અને બીજા ઘણા બધા જીવો જીવન જીવે છે. માનવી દ્વારા પર્યાવરણની જાળવણી ન કરીને તેની ઘોર ઉપેક્ષા કરી રહ્યો છે. તેના પરિણામે પર્યાવરણીય મૂલ્યો જળવતા નથી. અને આવા પર્યાવરણનું જતન ન થતું હોવાથી પર્યાવરણ સાથે સંકળાયેલા આફતો, મુશ્કેલીઓ દિન પ્રતિદિન વધતી જાય છે. બાળકોને પર્યાવરણીય મૂલ્યો શીખવાડી, પર્યાવરણની જાળવણી, વાતાવરણની જાળવણી, જમીનની જાળવણી, વૃક્ષો-છોડ વાવવા, અન્ય ઝાડ-પાનની જાળવણી, વૃક્ષો વાવવા, પર્યાવરણ સાથે રહેવું, પ્રાણીસંગ્રહની મુલાકાત લેવી, રાષ્ટ્રીય ઉદ્યાન મુલાકાત, વગેરે દ્વારા બાળકોમાં પર્યાવરણનું મહત્વ બતાવી શકાય તથા પર્યાવરણીય મૂલ્યોને આચરણ દ્વારા વિકસાવી શકાય.

૫. વૈશ્વિક મૂલ્યો: દેશ તથા સમાજના મૂલ્યો માટે આપણને ગર્વ છે. તેમ વૈશ્વિક સમાજ માટે પણ આપણને ગર્વ હોવો જોઈએ વસુદેવ કુટુંબકમની આપણી ભાવના ત્યારે સાક્ષાત્કાર થાય છે જ્યારે આપણે વૈશ્વિક સમાજના મૂલ્યોને સ્વીકારીને આગળ વધીએ. આજના ટેકનોલોજીના યુગમાં માનવો એકબીજાની નજીક આવી ગયા છે. જુદા જુદા દેશના માનવો વચ્ચેનું અંતર નહિવત બન્યું છે. ત્યારે આપણી વચ્ચે વસુદેવ કુટુંબકમની ભાવના આત્મસાત કરવી જોઈએ. બાળકોને કુટુંબ, સમાજ, રાષ્ટ્રની સાથે સાથે વૈશ્વિક મૂલ્યોની ઓળખ તથા આચરણ શીખવાડવું જરૂરી બન્યું છે. બાળકોમાં આવા વિવિધ મૂલ્યોના આચરણ તથા વિકાસની સાથે બાળકમાં વિવિધ મૂલ્યો વિકસે જેથી તે કુટુંબ, સમાજ, રાષ્ટ્રને પોતાના મૂલ્યોથી સીંચીને આગળ લાવવાનો પ્રયત્ન કરશે. આમ આ ઉપરાંત બીજા ઘણા બધા મૂલ્યોને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં સમાવેશ કરવામાં આવ્યો છે.

આમ, નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં પણ આવા તમામ મૂલ્યોનો સુગ્રથિત રીતે વણી લેવામાં આવ્યા છે. જેના થકી બાળક કે વિદ્યાર્થી કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને પર્યાવરણ અને વૈશ્વિક માનવ બનીને. આ તમામ મૂલ્યો આત્મસાત કરીને પોતાનો વિકાસ કરી શકે અને જો આવું થાય તો શિક્ષણનો વિકાસ થયો છે તેમ આપણે કહી શકીએ.

## ૫. ઉપસંહાર

મૂલ્ય માનવના વિકાસ માટેની પૂર્વશરત છે. વર્તમાન સમયમાં મૂલ્યનો જે રીતે સ થઈ રહ્યો છે તે જોતા વ્યક્તિ, સમાજ, રાજ્ય, અને દેશ માટે મૂલ્યોની સાચવણી એક પડકાર બની જાય છે. માનવમાં મૂલ્યનો યોગ્ય વિકાસ કરવામાં આવે તો આવા પડકારોને પહોંચી વળીને માનવ દરેક ક્ષેત્રમાં યોગ્ય વિકાસ કરી શકે છે. NEP 2020માં દર્શાવેલ મૂલ્યોથી માનવનો વિકાસ, વ્યક્તિ, સમાજ, અને રાષ્ટ્રનો વિકાસ પણ યોગ્ય રીતે થાય છે.

## સંદર્ભસૂચિ

૧. પટેલ, હરિભાઇ એસ. (૧૯૯૭). મૂલ્ય શિક્ષણ, ગુર્જર પ્રકાશન અમદાવાદ, ગુજરાત રાજ્ય
૨. દવે, નીરંજન (૧૯૯૯). ઉચ્ચ શિક્ષણ – ચિંતા અને ચિંતન, પાસ્વ, પબ્લિકેશન
૩. દેશમુખ, સીતારામ (૨૦૧૩). મૂલ્ય શિક્ષણ, યુનિવર્સિટિ ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય

૪. શુક્લા, સતીશ પ્રકાશ (૨૦૧૨). અધ્યેતા – પ્રકૃતિ અને વિકાસ, અગ્રવાલ પબ્લિકેશન

૫. વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષક, નીરવ પ્રકાશન, ૨૦૧૩

૬. www.journals.sagepub.com

૭. www.en.unesco.org

૮. www.researchgate.net

૯. www.ieworld.or

૧૦. www.en.wikipedia.org

૧૧. www.education.gov.in